eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 283
August 05, 2011

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે તા. ૨/૮/૨૦૧૧ થી તા. ૧૦/૮/૨૦૧૧ દરમ્યાન આર્ટ ગેલેરી ખાતે ધ્વજ પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે વર્ષ દરમ્યાન છ થી આઠ જેટલાં વિવિધ પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા  દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૩૦/૦૭/૨૦૧૧ ના રોજ રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર, રાંદેર, સુરત ખાતે  આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે તા. ૨/૮/૨૦૧૧ થી તા. ૧૦/૮/૨૦૧૧ દરમ્યાન આર્ટ ગેલેરી ખાતે ધ્વજ પ્રદર્શનનું આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે વર્ષ દરમ્યાન છ થી આઠ જેટલાં વિવિધ પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત તા. ૨/૮/૨૦૧૧ થી તા. ૧૦/૮/૨૦૧૧ દરમ્યાન આર્ટ ગેલેરી ખાતે ધ્વજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સને ૨૦૦૫ ના વર્ષથી દર વર્ષે સ્વતંત્રતા દિવસ ઉજવણીના ભાગરૂપે ધ્વજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે, જેમાં ધ્વજનો ઉદ્ભવ અને ઈતિહાસ,ભારતના રાષ્ટ્રધ્વજની ક્રમાનુસાર વિકાસગાથા, ભારતના રાષ્ટ્રીય પ્રતિકોની ફોટોગ્રાફસ દ્વારા વિસ્તૃત માહિતી, દેશ વિદેશના રાષ્ટ્ર ધ્વજો, નકશા તેમજ તે દેશની વિગતોમાં રાજધાની, ચલણ, ભાષા, વસ્તી વિગેરે માહિતી ઉપરાંત ૧૬ જેટલા દેશના મૂળ ધ્વજની પ્રતિકૃતિ પ્રદર્શિત કરવામાં આવી છે તેમજ વિવિધ માધ્યમો દ્વારા તૈયાર કરેલી ધ્વજની રંગોળીના ફોટોગ્રાફસ રજુ કરવામાં આવ્યા છે.

સદર પ્રદર્શન જાહેર જનતા તથા શાળાના વિદ્યાર્થીઓ વિગેરે તા. ૨ થી ૧૦ ઓગષ્ટ, ૨૦૧૧ દરમ્યાન સવારે ૯.૩૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન નિહાળી શકશે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા  દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૩૦/૦૭/૨૦૧૧ ના રોજ રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર, રાંદેર, સુરત ખાતે  આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે. મેયરશ્રીમતિ છાયાબેન ભુવા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહ, આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન રાણા, રૂગ્ણાલય સમિતિ અધ્યક્ષા કુ. પારૂલબેન ભારતી, કાયદા સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ બીસ્કીટવાલા, મ્યુનિ. સદસ્ય શ્રી ભીખુભાઈ રાઠોડ, શ્રી હીતેશભાઈ પટેલ, મ્યુનિ. સદસ્યા શ્રીમતિ વિણાબેન નાણાવટી, આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત એસ. દેસાઈ, રાંદેરઝોનના ઝોનલચીફ શ્રી સી. વાય. ભટ્ટ, કાર્યપાલક ઈજનેરશ્રી ડી. એમ. જરીવાલા, ઈ. ચા. આસી. આરોગ્ય અધિકારી ડો. ચેતન કે. ચોકસી, નાયબ આરોગ્ય અધિકારી આરોગ્ય વિભાગ ડો. કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, રાંદેર/અડાજણ  શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતું કે, ''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન/સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે. જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર/નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્યલક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે. જેમાં પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે. સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી રોગ ન થાય તે અંગેના પગલા લેવા જણાવ્યુ હતું.''

આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબને રાણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, મહાનગરપાલિકાના પ્રયત્નોથી રોગચાળાનું પ્રમાણ ઘટવા પામેલ છે તેમ જણાવી આરોગ્ય વિભાગની કામગીરીને બીરદાવી હતી. હાલમાં દવા તથા નિદાન/સારવાર મોંઘી હોય ગરીબ/મધ્યમ વર્ગના લોકોને ઘર આંગણે સુવિધા પ્રાપ્ત થતી હોય તેનો લાભ લેવા તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા જણાવ્યું હતુ. ગુજરાતમાં સૌ પ્રથમ આ પ્રકારના મેડીકલ કેમ્પો સુરતમાં થઈ રહયા છે જે બતાવે છે કે સુરત મહાનગરપાલિકાને આપણા આરોગ્યની ચિંતા છે. ઘરવપરાશનો કચરો ગમે ત્યાં ન નાંખતા ડોર ટુ ડોર કચરાગાડીમાં અથવા નજીકમાં આવેલ કચરાપેટીમાં નાખવા નાગરીકોને અપીલ કરી હતી.

**Continue …**

રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા કુ.પારૂલબેન ભારતીએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે જાગૃત છે. શહેરને "૦ સ્લમ" બનાવવાના મહાનગરપાલિકા તથા શાસક પક્ષ પ્રયત્નશીલ છે. મધ્યમ તથા ગરીબ વર્ગના નાગરીકોને ઘરઆંગણે વિના મૂલ્યે તબીબી સારવારનો લાભ મળી રહે તે માટે આવા કેમ્પો યોજવામાં આવે છે. જેમાં નિષ્ણાંત ડોકટરો મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે.આ વિસ્તારના રહીશોને મહાનગરપાલિકા તરફથી સારી સુવિધા આપવામાં આવી છે સાથે વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા, પાણીનો બગાડ ન કરવા,ગમે ત્યાં કચરો ન નાખવા તથા સંપીને રહેવાનો સંકલ્પ કરવા જણાવ્યું હતું. તેમજ બાળકોને યોગ્ય શિક્ષણ આપવા મા–બાપને અનુરોધ કર્યો હતો.

શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહે, પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુકે, આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોથી બચવા આવા કેમ્પોનું આયોજન કરે છે.જેમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા આરોગ્યનું નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેનો મહત્તમ લાભ લેવા જનતાને અપીલ કરી હતી. આવા કેમ્પોનો મુખ્ય હેતુ ખાસ કરીને સ્લમ વિસ્તારના લોકોને વિના મુલ્યે સારવાર આપવાનો છે. વિશ્વમાં સુરત શહેર ફાસ્ટેસ્ટ ગ્રોવિંગ સીટીમાં ચોથું સ્થાન ધરાવે છે તે જ શહેરની પ્રગતિ બતાવે છે સાથે લોકોના આરોગ્ય માટે સુરત મહાનગરપાલિકા સતત ચિંતિત છે તેમ જણાવી આરોગ્ય વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

મા.ડે.મેયરશ્રીમતિ છાયાબેન ભુવાએ જણાવ્યું હતું કે, છેવાડાની જનતાને વિના મુલ્યે આરોગ્યલક્ષી સેવાનો લાભ મળે તે માટે આ પ્રકારના કેમ્પો યોજવામાં આવે છે. ચોમાસામાં ગંદકી ન કરવા, પાણીનો ભરાવો ન થાય તેનું ધ્યાન રાખવા જણાવ્યું હતું. સાથે ખુલ્લો ખોરાક, ઠંડાપીણા, વાસી ફળફળાદી ન ખાવા અપીલ કરી હતી. સગર્ભા બહેનો માટે સરકાર દ્વારા આંગણવાડી મારફતે પૌષ્ટીક આહાર પુરો પાડવામાં આવે છે જે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ચોમાસા દરમ્યાન મેલેરીયા તથા અન્યરોગોનું પ્રમાણ વધુ જોવા મળતું હોય સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા તથા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૩૪૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૬૦, ચામડીના નિષ્ણાત દ્વારા ૫૪, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૪, બાળરોગ નિષ્ણાત દ્વારા ૪૫, ફિઝીશયન દ્વારા ૧૭૭, સર્જન દ્વારા ૧ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૨૪ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૫૨ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૭ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૯૫૮ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૪૨૦, કેલ્સીયમ ટેબલેટ ૪૦૦ વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણ વિભાગ દ્વારા ૧૨ બાળકોને ડીપીટી, ૧૪ બાળકોને પોલીયો, ૪ બાળકોને ઓરી, ૪ બાળકોને ટી.ટી.ની રસી, ૧૨ બાળકોને ઝેરી કમળાની રસી આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ– આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખઃ૦૬/૦૮/૧૧ના રોજ ડી.કે.એમ.શહેરી આરોગ્ય કેન્દ્ર, વાડી ફળીયા, કોટસફીલરોડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**

**TOP**